રજૂ તારીખ : ૦૨/૦૯/૨૦૨૧
નોંધ્યા તારીખ : ૦૨/૦૯/૨૦૨૧
ફેંસલ તારીખ : ૧૮/૦૯/૨૦૨૧
સમયગાળો : વર્ષ માસ દિવસ

**માતરના મુખ્ય જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.માતર**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૯૨/૨૦૨૧**

**આંક – ૬**

**અરજદાર : સાધુ નગીનદાસ ભગવાનદાસ**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી
રહે. મરાલા, લીંબાસી, તા.માતર, જી.ખેડા.

**વિરૂધ્ધ**

**સામાવાળા : સરકાર શ્રી**

**:: મુદ્દામાલ પરત મેળવવાની અરજી ::**

**અરજદારપક્ષે – વિ.વ.શ્રી આઈ.એ.મલેક**
**સામાવાળાપક્ષે – વિ.એ.પી.પી.શ્રી એચ.જી.બ્રહમભટ્ટ**

**:: જ જ મે ન્ટ ::**

(૧) અરજદારની અરજીની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, અરજદારની માલીકીની મોટરસાઈકલ હીરો હોન્ડા મોટર્સ એન્ડ સ્કુટર, જેનો રજી.નં.GJ.7.AQ.4196, CHASSIS No.06L16F71664, ENGINE No.06L15E63229 નો છે, તે લીંબાસી પોલીસે પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૪૦૩૩૨૧૦૧૩૨/૨૧ થી જુગાર અટકાયતી અધિનિયમની કલમ– ૪, ૫ મુજબના ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે, તે પરત લેવા અરજદારે હાલની અરજી કરેલ છે. અરજદારે અરજીમાં આગળ જણાવેલ છે કે, સદર મોટરસાઈકલ તેઓએ દેવુ કરી વસાવેલ છે, તે તેમના ધંધાકીય ખુબ જ અગત્યનું સાધન છે તથા પરીવારની જીવનદોરીનું આવકનું એક માત્ર સાધન છે. તપાસ કરનાર અમલદારે ખોટી રીતે કહેવાતા ગુનાના કામે સદર મોટરસાઈકલ મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે. સદર ગુનાના કામે કેસ ચાલતા ઘણો સમય જાય તેમ છે. મોટરસાઈકલને ભેજ અને ગરમીના લીધે ઘણુ નુકશાન થાય તેમ છે. જો સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી પડી રહે તો તેની બેટરી વિગેરે સ્પેરપાર્ટોને વિગેરેને ભેજ અને ગરમીના કારણે ઘણું જ નુકશાન થાય તેમ છે, આથી અરજદારને આર્થિક ઘણું નુકશાન થાય તેમ છે અને અરજદાર તથા તેમના પરીવારને ધંધાકીય ખુબ જ અગવડતા પડે તેમ છે. અત્રેની કોર્ટ જે શરતો પાળવા તથા જેટલી રકમના જામીન આપવાનું ફરમાવશે તે તમામ શરતો તથા કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા અરજદાર ખુશી અને તૈયાર છે. ઉપરોકત વિગતો જણાવી અરજદારે લીંબાસી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૪૦૩૩૨૧૦૧૩૨/૨૧ થી જુગાર અટકાયતી અધિનિયમની કલમ–૪,૫ મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ ઉપરોકત હીરો હોન્ડા મોટરસાઈકલ પરત સોંપવા હુકમ કરવા હાલની અરજી કરેલ છે. અરજદારે અરજી સાથે સદર મોટરસાઈકલની આર.સી.બુકની નકલ તથા પોતાના આધાર કાર્ડની નકલ સામેલ રાખેલ છે.

(૨) આ કામે ત.ક.અમલદારશ્રીનો અભિપ્રાય મંગાવતા એલ.સી.બી.ખેડા નડીઆદ પોલીસ સ્ટેશનના ત.ક.અ. અ.હે.કો.ચંન્દ્રકાન્ત ગોવિંદભાઈનાઓએ એલ.સી.બી.ખેડા નડીઆદ પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એમ.ડી.પટેલ મારફતે અભિપ્રાય મોકલી આપેલ છે, જે આ કામે આંક–૪ થી રજુ છે. તેઓશ્રીના અભિપ્રાય મુજબ, લીંબાસી પો.સ્ટે. પાર્ટ–બી (સે) ગુ.ર.નં.૧૧૨૦૪૦૩૩૨૧૦૧૩૨/૨૦૨૧ થી જુગાર ધારા કલમ–૪,૫ મુજબના કામે તા.૨૪/૦૮/૨૧ ના રોજ લીંબાસી માલાવાડા ચોકડી પાસે આવેલ સારથી પેટ્રોલ પંપની અંદર રૂમમાં કુલ–૮ ઈસમો ભેગા મળી પોતે પોતાના ફાયદા સારૂ પત્તા–પાના પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડી તમામની અંગ જડતીમાંથી મળેલ રોકડા રૂપિયા ૮૩૬૫૦/– તથા દાવ ઉપરથી મળેલ રોકડા રૂા.૭૩૦૦/– મળી રોકડ રૂા.૯૦૯૫૦/– તથા પત્તા–પાના નંગ–પર કિં.રૂા.૦૦/૦૦ તથા બે કેટ કિં.રૂા.૦૦/૦૦ તથા મોબાઈલ નંગ–૦૯ જેની કિં.રૂા.૪૧,૫૦૦/– તથા મો.સા.૦૪ કિં.રૂા.૮૫,૦૦૦/– મળી કુલ્લે રૂા.૨,૧૭,૪૫૦/– ના જુગારના સાધનો સાથે મળી આવી પકડાઈ જતા તેઓ તમામની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કામના અરજદાર નગીનદાસ ભગવાનદાસ સાધુનાઓએ હીરો હોન્ડા મોટરસાઈકલ નં.GJ.7.AQ.4196 છોડાવવા અરજી કરેલ છે. સદર મોટરસાઈકલ આરોપી હિતેશકુમાર ચતુરભાઈ સોલંકીનાએ ગુનાના કામે વાપરેલ હતી. સદરહુ અરજદારને મુદ્દામાલ પરત આપવામાં આવે તો ફરી આ જ પ્રકારનો ગુનો કરવાની સંભાવના રહેલ હોઈ અને સદર ગુનાની તપાસ હાલ ચાલુ હોય, જેથી અરજદારને મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે. સદર અભિપ્રાય સાથે મુદ્દામાલ પાવતી તથા પંચનામાની નકલ સામેલ રાખેલ છે.

(૩) અરજદારની અરજી તથા તે સાથે આંક–૩ ના લીસ્ટથી રજુ કાગળો વંચાણે લીધા. ત.ક.અમલદારશ્રીનો અભિપ્રાય તથા તે સાથે રજુ પંચનામુ તથા મુદ્દામાલ પાવતીની નકલો વંચાણે લીધી. વિ.એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો. બંને પક્ષોના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા.

(૪) આ કામે નિ.૩/૨ થી રજૂ થયેલ સદર મુદ્દામાલ મોટરસાઈકલની આર.સી. બુકની નકલ વંચાણે લેતા તે હાલના અરજદાર નગીનદાસ ભગવાનદાસ સાધુના નામે હોવાનું જણાય છે. આંક–૪ થી રજુ અભિપ્રાય વંચાણે લેતા સદર મોટરસાઈકલ આરોપી હિતેશકુમાર ચતુરભાઈ સોલંકીનાએ ગુનાના કામે વાપરેલ હતી. નિ.૪/૧ થી રજુ પંચનામાની નકલ વંચાણે લેતા સદર મોટરસાઈકલ હિતેશકુમાર ચતુરભાઈ સોલંકીની હોવાનું પકડાયેલ આરોપીઓએ જણાવેલ છે. નિ.૪/૨ થી રજુ મુદ્દામાલ પાવતીની નકલ વંચાણે લેતા, સદર મોટરસાઈકલ આરોપી હિતેશભાઈ ચતુરભાઈ સોલંકીનાઓની પાસેથી કબજે લેવામાં આવેલ છે. સદર આરોપી હિતેશભાઈ ચતુરભાઈ સોલંકીનાઓએ તથા આ કામના અન્ય પાંચ આરોપીઓએ આંક–૫ થી નો કલેઈમ પુરસીસ રજુ કરી, સદર મુદ્દામાલ અરજદારને આપવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી, તેમ જાહેર કરેલ છે. આમ સદર મુદ્દામાલ માટે હાલના અરજદાર સિવાય અન્ય કોઈએ કલેઈમ કરેલ નથી. જેથી હાલના તબકકે પ્રાઈમાફેસી રીતે અરજદાર સદર મુદ્દામાલ મોટરસાઈકલના માલિક હોવાનું જણાઈ આવે છે. જયારે પોલીસ અભિપ્રાય મુજબ સદર મુદ્દામાલ મોટરસાઈકલ અરજદારને પરત આપવામાં આવે તો ફરી આ જ પ્રકારનો ગુનો કરવાની સંભાવના રહેલ હોય અને સદર ગુનાની તપાસ હાલ ચાલુ હોય, અરજદારને મોટરસાઈકલ પરત નહી સોંપવા અંગે અભિપ્રાય આપેલ છે. પરંતુ અભિપ્રાય વંચાણે લેતા સદર મુદ્દામાલ મોટરસાઈકલની તપાસના કામે ચોકકસ શું જરૂરીયાત છે તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી અને આમ હાલના ગુન્હાની તપાસના કામે હાલની અરજીમાં માંગેલ મુદ્દામાલની

જરૂરીયાત હોય તેવું જણાતું નથી. આ સંજોગોમાં સદર મુદ્દામાલ મોટરસાઈકલ હાલના તબકકે અરજદારને પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાતો હોય અને વધુ સમય પોલીસ સ્ટેશને રાખી મુકવાથી કોઈ હેતુ સરતો ના હોઈ તેમજ એ.આઈ.આર. ૨૦૦૩ સુપ્રીમ કોર્ટ ૬૩૮ સુન્દરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાને ધ્યાને લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

(૧) અરજદારની અરજી તથા તે લગત માંગેલ દાદ અંશત: મંજૂર કરવામાં આવે છે. લીંબાસી પોલીસે પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૪૦૩૩૨૧૦૧૩૨/૨૧ થી જુગાર ધારાની કલમ–૪,૫ મુજબના ગુન્હાના કામે આરોપી હિતેશભાઈ ચતુરભાઈ સોલંકીનાઓ પાસેથી મુદ્દામાલ તરીકે કબજે કરેલ મોટરસાઈકલ જેનો રજી.નં.GJ.7.AQ.4196, CHASSIS No.06L16F71664, ENGINE No.06L15E63229 નો છે, જેની મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની કિંમતના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના બોન્ડ સબંધીત પોલીસ સ્ટેશનમાં આ કામના અરજદાર નગીનદાસ ભગવાનદાસ સાધુનાઓએ રજૂ કર્યેથી, આ કેસનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી નીચેની શરતોને આધીન રહીને ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૧ અન્વયે વચગાળાના ધોરણે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :** (૧) અરજદારે સદરહુ મુદ્દામાલ મોટરસાઈકલને ગીરો, બક્ષીસ, વેચાણ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવુ/કરાવવુ નહીં.

(૨) અત્રેની કોર્ટ સદરહુ મુદ્દામાલ મોટરસાઈકલને જયાં અને જયારે રજૂ કરવાનું ફરમાવે ત્યાં અને ત્યારે અરજદારે રજૂ કરવાનું રહેશે.

(૩) અત્રેની કોર્ટની પરવાનગી સિવાય અરજદારે સદરહુ મુદ્દામાલ મોટરસાઈકલમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવો/કરાવવો નહીં.

(૪) અરજદારે સદર મુદ્દામાલ મોટરસાઈકલને અન્ય કોઈપણ ગુનાહીત કૃત્યમાં વાપરવુ કે વપરાવવા દેવી નહીં.

(૨) અરજદારે જામીન તથા બોન્ડ સબંધીત પોલીસ સ્ટેશનમાં આપવા.

(૩) સદરહુ હુકમ મુજબની યાદી સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

ઉપરોકત હુકમ આજ તારીખ–૧૮'મી માહે–સપ્ટેમ્બર સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૮/૦૯/૨૦૨૧
સ્થળ : માતર.

**(દિપિકા કિશનચંદ્ર મઘનાની)**
મુખ્ય જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, માતર.
જીજે૦૧૪૪૭